જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૧૨/૨૦૧૮ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧૦/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ અને ૧૫ બોટલ ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૧૧/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી-૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૨૪૧૨/૧૮

**વેજલપુરઃ** રૂકશાનાબાનુ વા/ઓફ ઐયુબમીયા સૈયદ (રહે.નજીબા ડુપ્લેક્ષ ફઝલેરબ્બી સોસાયટી આયસા મસ્જીદ પાસે જુહાપુરા) એ તા.૧૨/૧૨/૧૮ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૧૮ બપોરના ૧૨/૦૦ થી તા.૧૧/૧૨/૧૮ સાજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૭૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.એમ.ભટ્ટી ચલાવે છે.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૨૪૧૩/૧૮

**વસ્ત્રાપુરઃ** રમેશભાઇ મોહનલાલ ઠક્કર (રહે.તુલીપ બંગલો પાર્ટ-૨ સુરધારા સર્કલ પાસે થલતેજ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે થલતેજ સ્કુમ સ્કુલ રોડ રીલાયંસ માર્ટની પાછળ સેતુર બંગલો ઓફીસ ખાતે પટ્ટાવાળા તરીકે નોકરી કરતો વિક્રમ ઠાકોર તા.૧૧/૧૨/૧૮ સવારના ૯/૦૦ થી બપોરના ૧/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓફિસના ટેબલ ઉપર પડેલ ફોલ્ડરમાંથી બે ચેક ચોરી કરી લઇ જઇ જે ચેક એક્સિસ બેંક ઘાટલોડિયા બ્રાંચમાં ચેક ભરી ૫૦,૦૦૦/- રુપિયા ઉપાડી લીધા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**સોલા હાઈકોર્ટ**ઃ કુલચંદભાઇ ઉર્ફે ધર્મેશભાઇ પ્રજાપતી (રહે. સન ડીવાઇન પાર્ક-૧ યુનીક બંગલોઝ પાસે પ્રસંગ પાર્ટી પ્લોટની બાજુમા ગોતા) એ તા.૧૨/૧૨/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૧/૧૮ રાતના ૮/૦૦ થી તા.૦૨/૧૨/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન ઘરમાં કામ કરતા શકદાર જયાબહેન પરમાર (રહે.રામાપીરનો ટેકરો વાડજ) ઘરમાંથી રોકડ રૂપિયા ૯,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.ડી.પટેલ ચલાવે છે.

**નારોલ**ઃ અમિતકુમાર ભગવતપ્રસાદ પટેલ (રહે. દિવ્યમપાર્ક ખોડીયાર કોલોની જામનગર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૨/૧૮ સાજના ૭/૧૫ થી રાતના ૮/૪૫ વાગ્યા દરમ્યાન જેતલપુર ખાતે જડીબા સાસ્કુતિક હોલ બહાર પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ બેગની ચોરી કરી લઇ ગઈ છે. બેગમાં સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન, લેપટોપ અને હાર્ડ ડીસ્ક મળી કુલ કિમત રૂપિયા ૧,૪૯,૦૦૦/- મતા હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૪૧૪/૧૮**

**સરદારનગર**ઃ બાબુભાઇ રામાભાઇ મારવાડી (ઉ.વ.૪૫) (રહે. મહાત્મા કોલોની રવિદર્શન સોસાયટી માયા સીનેમા રોડ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૧૮ કલાક ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયેન્દ્રસિહ લાલસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.